Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:4.081
Volume-12, Issue-4, March-2019
www.researchguru.net

# આઝાદીની ચળવળમાં ભરૂચના ક્રાંતિવીરોનું પ્રદાન (ઈ.સ.૧૯૪૨-૧૯૪૫)

ડૉ.પ્રદ્યુમનસિંહ જી. મહિડા

સરકારી વિનયન કોલેજ,વાંકલ સુરત, pradhuman2906@gmail.com

સાર :-

મા ભોમને વિદેશી હકૂમતની ગુલામી માંથી મુક્ત કરાવવા ભારતના કેટલાયે સપૂતોએ બલિદાન આપ્યાં છે. જેમણે વ્યકતિગત જીવનની દરકાર રાખ્યાં વિના રાષ્ટ્ર માટે જીવન સમર્પિત કરી દીધું હતું. એક તરફ મહાત્મા ગાંધીજીના અહિંસક માર્ગે રાષ્ટ્રીય ચેતના જાગૃત થઈ હતી. તો બીજી તરફ કેટલાય ગુમનામ ક્રાંતિકારીઓએ રાષ્ટ્રની આઝાદી માટે આહુતિ આપી હતી. એવા જ કેટલાક ક્રાંતિકારીઓ ભરૂચ અને તેની આજુબાજુના વિસ્તારમાં થયા હતાં. જેમણે ગાંધી ચિંધ્યા માર્ગે લડત પણ લડી હતી અને સમય અનુસાર બોમ્બની આરાધના પણ સ્વીકારી હતી. આવાં જ કેટલાક ક્રાંતિકારીઓ કે જેમની ઇતિહાસમાં નોંધ સુધ્ધાં લેવાઈ નથી. તેઓના યોગદાન પર પ્રકાશ નાંખવાનો પ્રયાસ પ્રસ્તુત લેખમાં કર્યો છે.

અગત્યના શબ્દો :-

(૧) પિકેટિંગ:- કોઈ ચળવળના ભાગરૂપે અમુક પ્રવૃત્તિ થતી રોકવાનો અહિંસક પ્રયાસ

(૨) ભૂગર્ભ પ્રવૃત્તિ: ક્રાંતિકારી ચળવળમાં ઓચિંતો હુમલો કરી છુપાઈ જવાની પ્રવૃત્તિ

(૩) કોતર: - જમીન કે પર્વતમાં ઊંડો ખાડો કે બખોલ

(૪) વ્યાયામ પ્રવૃત્તિ :- શરીર મજબુત બનાવવા માટે વિવિધ પ્રવૃત્તિ

## પ્રસ્તાવના :-

ઈ.સ.૧૯૪૨ની આઠમી ઓગસ્ટે મધરાતે મુંબઈમાં મળેલી કોંગ્રેસની મહાસમિતિએ અંગ્રેજોને ભારત છોડી જવાનો આદેશ આપ્યો અને જે તેઓ હિંદ ન છોડે તો પ્રચંડ અહિંસક દેશ વ્યાપી આંદોલન ચલાવવાનો ઠરાવ કર્યો. ઓગસ્ટની નવમી તારીખે અંગ્રેજ સરકારે ગાંધીજી, સરદાર સહિત તમામ પીઢ અને અગ્રણી નેતાઓને પકડી લીધા. સમગ્ર ભારતમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા. ગુજરાતમાં પણ સ્વયંભુ અમદાવાદ, સુરત, ભરૂચ, વડોદરા, રાજકોટ વગેરે શહેરોમાંથી જુના નેતાઓને પકડી આંદોલનને ઉગતું જ દાબી દેવા સરકારે પ્રયત્ન કર્યા. પ્રસ્તુત લેખમાં ઈ.સ.૧૯૪૨ની ભારત છોડો લડત સમયે ભરૂચના ક્રાંતિકારીઓએ કરેલા ઉગ્ર ક્રાંતિકારી કાર્યોની રજૂઆત કરી છે.

પ્રજાના સ્વયંભુ પ્રચંડ પ્રતિકારને લીધે સરકારનાં પગલાં નિષ્ફળ ગયા. આ આંદોલન શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં, બ્રિટિશ જિલ્લાઓમાં અને દેશી રાજ્યોમાં સાર્વત્રિક

ફેલાયું હતું. અગ્રણી નેતાઓની ધરપકડ થતાં લડતનો દોર યુવકો અને વિદ્યાર્થીઓએ હાથમાં લીધું હતો અને સરકારી તંત્ર થંભાવી દીધું હતું.

નવમી ઓગસ્ટે ભરૂચના આગેવાનો ડૉ. ચંદુલાલ દેસાઈ, દિનકરરાવ દેસાઈ, મોતીલાલ વીણ, બાપલાલ વૈદ્ય, ભાનુપ્રસાદ શાસ્ત્રી, રતુપ્રસાદ ભટ્ટ, શિવશંકર ભટ્ટ, ધુળાભાઈ મિસ્ત્રી, વિનોદચંદ્ર શાહ અને દલસુખભાઈ શાહની હિંદ સંરક્ષણ ધારા હેઠળ જુદા જુદા સમયે અટકાયત કરવામાં આવી હતી. વિદ્યાર્થી નેતા કનુભાઈ ભટ્ટ, પદ્મકાંત ઝવેરી, ધર્મેન્દ્ર માસ્તર, યશવંતરાવ જોષી વગેરેની પણ અટકાયત કરવામાં આવી હતી. સમગ્ર ભરૂચ જિલ્લામાં ચળવળ દરમિયાન ૧૭૧ સામે કેસ ચલાવીને સજા કરવામાં આવી હતી. તેમ છતાં ગાંધીજીના મંત્ર ‘ કરેંગે યા મરેંગે’ને સાર્થક કરવા યુવાનો અને મહિલાઓએ લડતને ચાલુ રાખી હતી.

ભરૂચના ક્રાંતિકારીઓનું રાષ્ટ્રીય ચળવળમાં પ્રદાન :-

જયારે સમગ્ર ગુજરાતના અગ્રણી આગેવાની ધરપકડ કરવામાં આવતી હતી. ત્યારે છોટુભાઈ પુરાણી અને ચંદ્રશંકર ભટ્ટ અંગ્રેજોની પોલીસને થાપ આપી અજ્ઞાત વાસમાં જઈ ઉગ્ર ક્રાંતિકારી લડત ઉપાડી હતી. તેઓ સીધા મુંબઈથી વડોદરા આવી તાત્કાલિક લડત શરૂ કરવા માટે થોડા નાણાં મેળવ્યા અને ભરૂચના મુનશી કુટુંબના એક ભાઈ પ્રાણલાલભાઈ મુનશીની મદદ લઈ ‘ રાજદ્રોહ’ પત્રિકાનું પ્રકાશન શરૂ કર્યું હતું. છોટુભાઈ પુરાણીએ તત્કાલીન પરિસ્થિતિ પર થોડો સમય મનોમંથન કર્યા બાદ મનના ઊંડાણમાં રહેલો બોમ્બ બનાવવાનો નિર્ણય કર્યો. કે જે વિચાર તેમને વડોદરામાં મહાન ક્રાંતિકારી અરવિંદ ઘોષના સહવાસ અને પ્રેરણાથી મળ્યો હતો. પરંતુ એ કામ માટે પુરતી તૈયારીની જરૂર હોય, થોડો સમય પોતાનું ધ્યાન અન્ય પ્રવૃત્તિ પર કેન્દ્રિત કર્યું.

લડત શરૂ થતાં જ હાઈસ્કૂલો, મિલો અને બજારોમાં હડતાલ પાડવામાં આવી તથા વિરોધ વ્યક્ત કરવા સરઘસો કાઢવામાં આવ્યાં. વિધાર્થીઓ વખતોવખત દેખાવો યોજાતા તથા હાઇસ્કૂલો, મિલોમાં હડતાલ ચાલુ રખાવવા માટે પિકેટિંગ કરતાં. તા. ૨૬ જાન્યુઆરી ૧૯૪૩ના રોજ ભરૂચમાં સ્વાતંત્ર્ય દિન અંગે એક જંગી સરઘસ કાઢવામાં આવ્યું હતું. તથા અંગ્રેજ સરકાર વિરુધ્ધ પત્રિકાઓ ચોટાડવામાં માટે બે યુવાનોની ધરપકડ કરવામાં આવી હતી.

ગાંધીજીના અંગ્રેજોને ‘હિંદ છોડો’ ના આદેશથી દેશભરમાં અંગ્રેજો સામેનું આંદોલન તીવ્ર બન્યું હતું. સરકારે નેતાઓની ધરપકડ કરતા લોકોએ અહિંસાનો માર્ગ છોડીને ક્રાંતિઓ માર્ગ અપનાવ્યો. સરકારી કચેરી, પોષ્ટ ઓફિસ, પોલીસ થાણાને લુંટવા અને આગ લગાડવી, તાર અને ટેલીફોનના દોરડાં કાપી નાખવા જેવા રાષ્ટ્રવાદી પ્રવૃત્તિ તરફ વળ્યા. એકબાજુ ગાંધીજી અહિંસક સત્યાગ્રહનું આયોજન કરી રહ્યા હતાં. ત્યારે ભરૂચના છોટુભાઈ પુરાણી,ચંદ્રશંકર ભટ્ટે ભુગર્ભ પ્રવૃત્તિ શરૂ કરી. તેઓ ભાંગફોડની પ્રવૃત્તિ સાથે બોમ્બની પ્રવૃત્તિ દ્વારા ક્રાંતિકારી કાર્યક્રમો યોજીને અંગ્રેજ સરકારને હચમચાવી નાંખવા કટિબદ્ધ થયા હતાં. તેમણે ગુજરાત

વ્યાયામ પ્રચારક મંડળના વ્યાયામવીરોની સહાયથી ભૂગર્ભ પ્રવૃત્તિનું આયોજન કર્યું હતું. તેમના વ્યાયામવીરો મુશ્કેલીઓથી ભરેલું કપરું જીવન જીવવાની તાલીમ પામેલા અને બહાદુરીભર્યા કાર્યો કરવાની હિંમત ધરાવતા હતાં. આ વ્યાયામ પ્રવૃતિના કાર્યકરોને લીધે જ ગુજરાતમાં કેટલાંક સ્થળોએ ‘ હિંદ છોડો’ લડત લાંબા સમય સુધી ચાલુ રહી હતી. તેઓ અચ્યુત પટવર્ધન અને ‘ઓલ ઇન્ડિયા સિક્રેટ કમિટી’ના બીજા નેતાઓના સંપર્કમાં હતાં. તેમણે રેલવેના પાટા ઉખાડી નાંખવા, ટેલીફોનના દોરડાં કાપી નાંખવા, પોલીસ ચોકીઓ લૂંટવી, બોમ્બ ફોડવાની નીતિ નક્કી કરી હતી.

છોટુભાઈ પુરાણી અને ચંદ્રશંકર ભટ્ટની ટુકડીના કાર્યકરો ભૂગર્ભમાં રહી ગુપ્ત પ્રવૃત્તિ ચલાવી પોલીસને હંફાવવા લાગ્યાં હતાં. છોટુભાઈ પુરાણી, દેસાઈભાઈ બકોરભાઈ, લજપતરાય વર્મા, હેમરાજ વર્મા, મેઘજી પચાણજી, ચંદ્રશંકર ભટ્ટ, રાયસિંગ ડાભી અને લલ્લુભાઈ બકોરભાઈને સરકારે ફરાર જાહેર કર્યા અને તેમને શોધી આપવા માટે ઇનામો જાહેર કર્યા. મેઘજી પચાણજીને પકડવા માટે રૂ. ૫૦૦૦, છોટુભાઈને પકડવા માટે રૂ. ૨૫૦૦ અને ચંદ્રશંકર ભટ્ટને પકડવા માટે રૂ.૨૦૦૦ના ઇનામો મુંબઈ સરકારે જાહેર કર્યા હતાં.

છોટુભાઈ પુરાણી અને ચંદ્રશંકર ભટ્ટે છેક બંગાળ જઈને ટાઈમબોમ્બ, પ્રેશર બોમ્બ અને થ્રો બોમ્બ બનાવવાની કળા શીખી લાવ્યા હતાં. આ સમગ્ર પ્રવૃત્તિના પ્રણેતા છોટુભાઈ પુરાણી હતાં. તેમના માર્ગદર્શન અને સુચના હેઠળ બોમ્બ બનાવવાની પ્રવૃત્તિ પણ શરૂ કરવામાં આવી હતી. આ કાર્યકરોએ બોમ્બનો પ્રથમ પ્રયોગ રાજપીપળાની ખીણોમાં અને જંગલોમાં કર્યો. ત્યારબાદ વિશ્વામિત્ર અને જંબુસર વચ્ચેની નેરોગેજ રેલ્વે લાઈનના પાટા નીચે પ્રેશર બોમ્બ મૂકી રેલ્વે એન્જીનને ઉડાવી દીધું હતું. આ કાર્ય મુકુન્દ પટેલ, પ્રવીણ દેસાઈ, જયંતિલાલ અને ભાઉસાહેબની ટોળીને સોપવામાં આવ્યું હતું. તેમણે પાટા ઉપર પ્રેસર મુક્યા અને તેનું પરિણામ નજરે જોવા દૂર ઉભા રહ્યાં. આ બોમ્બથી એન્જીનના ડ્રાઈવરના પગને સૌથી વધુ ઈજા થઈ અને પાછળથી તેનો પગ કાપી નાખવો પડ્યો હતો. તે બોમ્બ આટલો શક્તિશાળી બન્યો હશે, તેની તેમને કલ્પના પણ ન હતી.

છોટુભાઈ પુરાણી મુંબઈ યુનિવર્સિટીના વિજ્ઞાનના સ્નાતક હતાં. તેમણે પોતાના અભ્યાસ અને બોમ્બ બનાવવાના અનુભવના આધારે જે જ્ઞાન પ્રાપ્ત થયું તે નકશા, ચિત્રો અને બોમ્બના વિભાગોની માહિતી તથા બોમ્બ બનાવવાની પ્રક્રિયા અને તેની વિધિ દર્શાવતું, ‘ગેરિલા વોરફેર’ નામનું પુસ્તક તૈયાર કર્યું. તેમાં જુદા જુદા બોમ્બ બનાવવાની અને વાપરવાની વિગતો વિસ્તારથી આપવામાં આવી હતી. આ પુસ્તકની નકલો ગુજરાતના ક્રાંતિકારી જુવાનોને મોકલવામાં આવી. ભરૂચના લજપતરાય વર્માએ છોટુભાઈ પુરાણીની સુચનાથી બોમ્બ બનાવવાની સામગ્રી ભેગી કરી હતી.

ઈ.સ.૧૯૪૨ની હિંદ છોડો લડતમાં ભાંગફોડની પ્રવૃત્તિ પણ લોકોએ અપનાવી હતી. જંબુસરમાં ટંકારી ભાગોળે આવેલી પોલીસ ચોકીમાં અને એક ટપાલ પેટીને આગ લગાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ભરૂચના નિકોરામાં પણ સ્મશાનગૃહમાંથી પોલીસે બોમ્બ અને બીજા સ્ફોટક પદાર્થો શોધી કાઢ્યા હતાં. ભરૂચની આર. એ. દલાલ ગવર્મેન્ટ હાઈસ્કુલ પાસે બોમ્બ ફાટવાથી એક વિદ્યાર્થીને ઈજા થઈ હતી. વિવિધ સ્થળે તાર અને ટેલીફોનના દોરડાં કાપી નાંખવામાં આવ્યાં હતાં. લજપતરાય મહેતા, નાથુભાઈ કાશીરામ ભટ્ટ, ફકીરભાઈ પટેલ, ભાનુપ્રસાદ અધ્વર્યુ, શીવાભાઈ મથુરભાઈ પટેલ વગેરે કાર્યકરો ભૂગર્ભ પ્રવૃત્તિમાં જોડાયા હતાં.

અંગ્રેજ સરકારની પ્રતિષ્ઠાના પ્રતિકોના ભુક્કા બોલાવવાનું અને સરકારની એકહથ્થુ સત્તાને પડકારવાના હેતુથી છોટુભાઈ પુરાણીએ જંબુસર તાલુકાના વેડચ પોલીસ થાણા પર ધાડ પાડીને શસ્ત્રો લુંટવાનું નક્કી કર્યું.૨૦ સપ્ટેમ્બર ૧૯૪૨ની મધ્યરાત્રીએ ગજેરા ગામના મણીભાઈના ઘરમાં થાણા ઉપર હુમલો કરનાર જુવાનો ભેગા થયા. હુમલાનું આયોજન કરવામાં આવ્યું. તા. ૨૧ સપ્ટેમ્બર ૧૯૪૨ના દિવસે બપોરના ત્રણ વાગ્યે હુમલો કરવાનું નક્કી કર્યું. ચંદ્રશંકર ભટ્ટની આગેવાની હેઠળ લજપતરાય વર્મા, લલ્લુભાઈ બકોરભાઈ પટેલ, રાયસિંગ ડભાઈ પરમાર, હિંમતભાઈ નીમાભાઈ, નાનુભાઈ શાહ અને નાનુભાઈ પટેલ સહિત બારથી પંદર મરજીવા યુવાનોની ટુકડી થાણું લુંટવા નીકળી. તેમની પાસે બંદુક, રિવોલ્વરો, ભાલા, ધારિયા, ડાંગો વગેરે શસ્ત્રો હતાં. વેડચનું પોલીસ થાણું પહેલા માળે હતું. ચંદ્રશેખરે માળ પર ચઢી 'હેન્ડઝ અપ' નો હુકમ કર્યો. સંત્રીને એક બંદુકવાળાએ રોકી લીધો. યુવાનોએ થાણામાંથી રાયફલો અને કારતુસો સિવાય એકપણ સરકારી કે ખાનગી ચીજને ન લેવી તેની તકેદારી લીધી હતી. વેડચના ઓપરેશનથી સમગ્ર ગુજરાતમાં હાહાકાર મચી ગયો. આ કાર્યક્રમમાં ભાગ લેનારને છોટુભાઈએ દૂર દૂર મોકલી દીધાં. લજપતરાય વર્મા, લલ્લુ બાદશાહ અને રાયસંગ પરમારને પંજાબ મોકલી દીધા. જેથી કોઈના હાથમાં ન આવે. ભરૂચના ક્રાંતિકારીઓના આ ઓપરેશને અંગ્રેજી સમયની પોલીસના ધજાગરા ઉડાડયા હતાં.

વેડચની માફક આમોદ તાલુકાના સરભોણ પોલીસ થાણું પણ છોટુભાઈ પુરાણીએ નક્કી કર્યું હતું. સરભોણનું પોલીસ થાણું વડોદરા રાજ્યની સરહદ પર આવેલું હોવાથી ત્યાં હુમલો કરી વડોદરા રાજયમાં નાસી જઈ શકાય તેમ હતું. તેથી છોટુભાઈ પુરાણી અને ચંદ્રશંકરે ભટ્ટે લુંટવાનું નક્કી કર્યું. તેમાં પણ માત્ર હથિયાર લૂંટીને સરકારની સત્તાને પડકારવાનો હેતુ હતો. સરભોણ પોલીસ થાણા પર હુમલો કરવા માટે ચૌદ માણસોની ટુકડી બનાવવામાં આવી. તેમાં છોટુભાઈ પુરાણી, ચંદ્રશંકર ભટ્ટ, મેઘજી પચાણજી, ખોડુભાઈ વાઘેલા, દેસાઈભાઈ પટેલ, પ્રાગજી પટેલ, બચુભાઈ પટેલ વગેરેનો સમાવેશ થતો હતો. તેમણે તા.૧૫ ડીસેમ્બર ૧૯૪૨ની સાંજે સાવ છ વાગ્યે એક બળદગાડામાં સરભોણ ગામમાં પ્રવેશ કર્યો. સરભોણ પહોંચતા નાનાભાઈ શાહ સૌથી પહેલા નીચે ઉતર્યા અને સંત્રી પાસે જઈ પીવા માટે પાણી માંગ્યું. સંત્રી

ઊભો થઈ પાણી લેવા જાય, એટલામાં નાનુભાઈએ સંત્રીની રાયફલ છુંટવી લેવા તરાપ મારી, બંને વચ્ચે ઝાપાઝપી થઈ. બધા યુવાનો ગાડા માંથી નીચે ઉતર્યા અને સંત્રીને રાયફલ છોડી દેવા સમજાવ્યો. પરંતુ તે માન્યો નહિ. આથી નાછુટકે નાનાભાઈને બચાવવા એક યુવાને સંત્રી પર ગોળી ચલાવી. સંત્રી ત્યાં જ ઢળી પડ્યો. યુવાનોએ થાણામાંથી છ બંદુકો, ચાર બેયોનેટ, બધા શસ્ત્રો અને કારતુસોની લૂંટ ચલાવી. અંધારામાં પલાયન થઈ ગયા હતાં. આ ઓપરેશનમાં સંત્રીને ઠાર મારવામાં આવ્યો. તેથી છોટુભાઈને ખુબ જ દુઃખ થયું હતું.

આમ ક્રાંતિકારી પ્રવૃત્તિને કારણે આ ક્રાંતિકારો પર પોલીસ અને લશ્કરની સખત તકેદારીને કારણે ક્રાંતિકારીઓ શહેર અને ગામડામાં સહીસલામત રહી શકે તેમ ન હતાં. તેથી મહી નદીનાં ખુબ જ ઊંડા અને વિશાળ કોતરોમાં શિયાળા દરમિયાન તેમને છુપાઈ રહેવાની ગોઠવણ કરવામાં આવી. કોતરોમાં વિશ્વાસું માણસો પાસે ખોદકામ કરાવીને દસ- પંદર માણસો બેસી શકે અને આરામ કરી શકે તથા નિશ્ચિંત બનીને આસપાસ થોડું હરીફરી શકે એવા ભોંયરા બનાવડાવ્યા. તેમાં ભૂગર્ભ કાર્યકરોને રહેવાની વ્યવસ્થા હતી. નીચે ખોદકામ કરેલા ભોંયરા અને ઉપર ખેતી પણ થતી હતી. તેમજ ખેતરોવાળાને વિશ્વાસમાં લઈ ચોકી પહેરો ગોઠવી દીધો હતો. પરિચિત માણસો માટે સંકેતની ભાષા નક્કી કરવામાં આવી. આ સ્થળે ભૂર્ગભવાસીઓ માટે બધી જરૂરિયાતની ચીજો મોકલી આપવામાં આવતી હતી. આ ઉપરાંત ઈ.સ.૧૯૪૨ની ક્રાંતિ સમયે છોટુભાઈનો ભૂગર્ભ કાફલો મોટો હતો. લગભગ બસોની સંખ્યાએ પહોંચ્યો હતો. એ બધાને રહેવાની વ્યવસ્થા બરાબર ગોઠવાઈ ગઈ હતી. પરંતુ ભરણપોષણ માટે નાણાંનો પ્રશ્ન મુંઝવતો હતો. આ માટે છોટુભાઈએ સૌરાષ્ટ્ર તરફ જતી ટ્રેનમાં સરકારી તિજોરી લૂંટવાનું નક્કી કર્યું. આ માટે વિરમગામથી ઉપડતી કીર્તીમેલ પર છાપો મારવામાં આવ્યો અને તેમાંથી લૂંટમાં ૮૦ હજાર રૂપિયા મેળવા અને ત્યારબાદ વિરમગામ – લખતર જતી બીજી ટ્રેન પણ લૂંટી હતી. તેમાંથી લગભગ ૩૦ હજાર જેટલી રકમ મળી હતી. આવેલી રકમ અમદાવાદની બેંકમાં વ્યક્તિઓના નામે જમા થઈ ગયા. સરકારે આ યુવાનોને પકડવા ધમપછાડા કર્યા. પરંતુ ભરૂચના ક્રાંતિકારીઓને પકડી શકી નહિ. પરંતુ ગુજરાતના ઇતિહાસકાર જયકુમાર શુક્લ લૂંટની રકમ બાબતમાં ચંદ્રશંકર ભટ્ટ કરતાં જુદો આંકડો બતાવે છે. તેમના પુસ્તકના વર્ણન અનુસાર “ ચંદ્રશંકર ભટ્ટ, ગુણવંત પુરોહિત, જસવંત મહેતા, છોટુભાઈ પુરાણી સહિત કેટલાક યુવાનો સૌરાષ્ટ્રના ગામડાના લોકો જેવા પહેરવેશમાં શસ્ત્રો સહિત વિરમગામથી ગાડીમાં બેઠા. તેમણે લીલાપુર અને લખતર વચ્ચે આગગાડી અટકાવી, ને સરકારી તિજોરી માંથી એક લાખ રૂપિયા લૂંટી ગયા. તે રકમનો ઉપયોગ ચળવળ માટે કરવામાં આવ્યો હતો.”

ઈ.સ. ૧૯૪૨માં ભરૂચમાં સ્થપાયેલી આઝાદ હિંદ સેના :-

મુંબઈની ગોવાળિયા ટેંક સભામાં આવેલા ભરૂચના અને વ્યાયામ પ્રવૃત્તિના સર્જક છોટુભાઈ પુરાણી અને ચંદ્રશંકર ભટ્ટ પોલીસને થાપ આપીને છટકી ગયા અને ભૂગર્ભમાં રહીને બીજા મિત્રો સાથે રહી 'આઝાદ હિંદ સેના' ની સ્થાપના કરી. ' કરેંગે યા મરેંગે' તેનો મુદ્રાલેખ હતો. દેશની આઝાદી ખાતર ગમે તેવા સંકટ વેઠવા તૈયાર અને સમય આવચે આત્મબલિદાન કરવાનો નિશ્ચય ધરાવતાં ધ્યેયનિષ્ઠ યુવાનોનું તે સંગઠન હતું. અંધકારમાં ઊંઘમાં, ભૂખમાં અને થાકની પરવા કર્યા વિના ૫૦ માઈલ સુધી ચાલવું અને તીરની માફક પોતાના લક્ષ્યસ્થાને જઈને કાર્યસિધ્ધ કરવું, દિવસો સુધી કોતરો અને ભૂગર્ભમાં સંતાઈ જવું અને અગવડોનો સામનો કરવો એ બધા સાહસો આ સંગઠનના કાર્યકરો કરી બતાવતા હતાં.

છોટુભાઈની પ્રેરણાથી હેઠળ ભરૂચમાં તૈયાર થયેલા વ્યાયામવીરોએ રાષ્ટ્રની આઝાદી માટે તન, મન, ધનથી યોગદાન આપ્યું હતું. તેણે ભૂગર્ભ પ્રવૃત્તિઓ થકી વિદેશી સરકાર સામે આંદોલન જગાવ્યું. પંચમહાલ, સુરેન્દ્રનગર, વડોદરા, ભાવનગર, મહેસાણા સુધી તેની પ્રવૃત્તિ વિસ્તરી હતી. ગુજરાતની આઝાદ હિંદ સેનાએ તેમની ભૂગર્ભ પ્રવૃત્તિના સત્તાવાર સમાચાર અપાતી 'ઈંકલાબ', 'રાજદ્રોહ', 'બળવાખોર,' પત્રિકાઓ શરૂ કરી હતી. આઝાદ હિંદ સેનાએ દોઢેક લાખના ખર્ચે પોતાનું બંધાવેલું 'આઝાદ હિંદ બ્રોડકાસ્ટિંગ રેડિયો સ્ટેશન' પણ હતું. તા. ૧૫ ઓગષ્ટ ૧૯૪૭ના રોહ રાષ્ટ્રને આઝાદી આપવાનું નક્કી થતાં, જંબુસરના કહાનવાથી છુપાયેલા આ  ક્રાંતિકારીઓ જાહેરમાં પ્રગટ થયા હતા

નિષ્કર્ષ :

આમ ઉપરોક્ત અનુસાર કહી શકાય કે રાષ્ટ્રની આઝાદીની ચળવળમાં ભરૂચ શાંત ન હતું. ગાંધી ચિંધ્યા માર્ગે અને આત્યંતિક રાષ્ટ્રવાદી પ્રવૃત્તિ કરનારા નરવીરો ભરૂચની ભૂમિએ આપ્યાં છે. મહાન ક્રાંતિકારી અરવિંદ ઘોષની પ્રેરણાથી તૈયાર થયેલા ભરૂચના છોટુભાઈ પુરાણી અને અન્ય ક્રાંતિવીરોએ બોમ્બની આરાધના થકી અંગ્રેજી સત્તા સામે પ્રવૃત્તિ આદરી હતી. તેનો અહેવાલ ઉપરોક્ત અનુસાર સમજી શકાય છે.

<u>સંદર્ભ સૂચી :-</u>

(૧) કટારા મહેશચંદ્ર (સંપા), 'ભૃગુતીર્થ ભરૂચ- ભરૂચ જિલ્લો પ્રથમ દ્રષ્ટીએ,' માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર, ૨૦૦૭

(૨) ત્રિવેદી બિપીનચંદ્ર અને જોષી કશ્યપ (સંપા), 'સેવાશ્રમના શિલ્પી,' સેવાશ્રમ ટ્રસ્ટ, ભરૂચ,૧૯૯૫

(૩) પંડયા ઉપેન્દ્ર બી., 'પ્રયોગ અને પરિણામ- બટુકનાથ વ્યાયામશાળાનો ઇતિહાસ,' અમૃત મહોત્સવ ગ્રંથ, બટુકનાથ વ્યાયામશાળા, ભરૂચ,૧૯૮૦

(૪) પંડયા વિષ્ણુ અને પંડયા આરતી (સંપા), ‘ ગુજરાતમાં સશસ્ત્ર સ્વાતંત્ર્ય સંગ્રામનો ઇતિહાસ,’
ગુજરાત સાહિત્ય અકાદમી, અમદાવાદ,ગાંધીનગર,૧૯૯૩

(૫) પ્રશાંત અને પંડયા ઉપેન્દ્ર (સંપા), ‘ભરૂચના જ્યોતિર્ધરો,’ બટુકનાથ વ્યાયામશાળા, ભરૂચ, ૧૯૮૫

(૬) ભટ્ટ ચંદ્રશંકર મ., ‘૧૯૪૨ની ક્રાંતિના સંસ્મરણો,’ ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ, રાજપીપળા,૧૯૭૪

(૭) ભટ્ટ ચંદ્રશંકર મ., ‘સ્વરાજ્ય ક્રાંતિની સુવર્ણગાથા,’ સ્વ.ચંદ્રશંકર ભટ્ટ ગ્રંથ પ્રકાશન, અમદાવાદ,1992

(૮) વાળંદ નરોત્તમ, ‘ક્રાંતિકારી છોટુભાઈ પુરાણી,’ બટુકનાથ વ્યાયામશાળા, ભરૂચ,૧૯૮૪

(૯) શાહ પ્રવિણકાંત મો., ‘ પુરાણીબંધુઓની ક્રાંતિકારી ચળવળ,’ ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ, રાજપીપળા,૨૦૦૧

(૧૦) શુક્લ જયકુમાર ર., ‘ હિંદ છોડો ચળવળ,’ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ,૨૦૧૫

(૧૧) શુક્લ જયકુમાર ર., ‘બેતાલીસમાં ગુજરાત,’ સ્વયં પ્રકાશિત,૧૯૮૫

(૧૨) શુકલ જયકુમાર ર ,.‘ ગુજરાતના સ્વાતંત્ર્ય સૈનિકો,’ માહિતી કોશ, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ પ્રકાશન,૧૯૯૮